અમદાવાદ(રૂરલ)ના મહે. ૫ મા એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.અમદાવાદ

ક્રિમીનલ કેસ નં.૨૩૦૨૭/૨૦૨૧

આંક:-

**-: ચુકાદો :-**

આ કામે આરોપીઓ સામે ધી પ્રોહી કલમ-૬૬-૧-બી,૮૫(૧),૮૧,૮૬,૭૫(સી) મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે.આ કામે આરોપીઓની પ્રોહી કલમ-૬૬-૧-બી,૮૫(૧),૮૧,૮૬,૭૫(સી) મુજબની ચાર્જ ફ્રેમ કરી પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપીઓએ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપીઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીઓની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેમણે દયાની માંગણી કરેલ છે. તેઓનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપીઓની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ઘ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ઘ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ઘ્યાને લેતાં સદર કેસમાં આરોપીઓને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

**-: હુકમ :-**

આ કામના આરોપીઓ-(૨)અનુજા દિવ્ય અગ્રવાલ,(૩)શૈફાલી રમેશભાઈ પાંડે,(૪)પંકતી ઉર્ફે પ્રિયંકા દેવાંગભાઈ શાહ,(૫)પાયલ કલ્પેશ લીંબાચીયાને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૪૧ મુજબ પ્રોહી કલમ-૬૬-૧-બી,૮૫(૧),૮૧,૮૬,૭૫(સી)મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પૂરા) નો દંડની સજા ફરમાવવામાં આવે છે, જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૧ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે . (કુલ્લે દંડ રુા.૪૦૦/-).

આરોપીનં.૧ સામેની ટ્રાયલ ચાલુ રહેલ છે.

આજ તારીખ-૧૨ મી, માહે-નવેમ્બર, સને-૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૧૧/૨૦૨૨
સ્થળ : અમદાવાદ(ગ્રામ્ય)

(નરેન્દ્રકુમાર)
૫મા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,અમદાવાદ
(ગ્રામ્ય),મીરઝાપુર
**CODE NO.GJ01440**